શ્રી એકલિંગાય નમઃ

સેવા..... સહકાર.... સંગઠન...

## શ્રી લુણાવાડા વિભાગ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ, અમદાવાદ

# -: સુવર્ણ જ્યંતિ મહોત્સવની ઉજવણી :-

આપણા સમાજનાં સૌ માનવંતા સભાસદોતેમજ તેમના કુટુંબીજનોને જણાવતાં આનંદ થાય છે કે, આપણી સંસ્થા સાલ ૨૦૨૫ માં સંસ્થાની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ કરી રહેલ છે.

આ વર્ષની આપણી વાર્ષિક સામાન્ય સભા તા. ૦૫-૦૧-૨૦૨૫ ને રવિવારના રોજ સામાન્ય સભાને સુવર્ણ જયંતિ મહોત્સવ સભા તરીકે ઉજવશે.

જેમાં આપ સૌનો સાથ અને સહકારની અપેક્ષા રાખીએ છીએ.

આપ સૌ જાણો છો તેમ વર્ષ ૧૯૭૫ માં સંસ્થાના સ્થાપક શ્રી રમેશભાઈ સેવક તેમજ તેમના સાથી મહાનુભાવોએ લુણાવાડા ગામના બ્રાહ્મણો જેઓ અમદાવાદમાં સ્થાયી થયાં હતાં તેમના સંપર્કમાં રહેવા તેમજ સુખ દુઃખમાં સહભાગી બનવા માટે આવી કોઈ સંસ્થા હોવી જોઈએ તેમ વિચારી સંસ્થાની નાના પાયે સ્થાપના કરી.

સાલ ૧૯૭૫ માં સંસ્થાનો પાયો નાંખીજે વૃક્ષ ઉભું કરેલું હતું તે આજે સાલ ૨૦૨૫ માં વટવૃક્ષ બની એક નામાંકિત સંસ્થા તરીકે ઉભરી આવ્યું છે. અને તેના માટે સમાજના દરેક સભ્યોનો સંસ્થા ઉપરના વિશ્વાસનું પરિણામ છે.

સાલ ૨૦૨૪-૨૦૨૫ ની કારોબારી સમિતિ આપ સૌ સભ્યોને ખાતરી આપે છે કે તમે મુકેલા વિશ્વાસને જરાપણ આંચ આવવા દઈશું નહીં.

સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે ગત વર્ષથી અમોએ રૂા.૧૦૦૦/- ટોકન પેટે ઉઘરાવેલ છે. લગભગ ૮૦% સભ્યના પૈસા આવી ગયા હજુ જે સભ્યોના બાકી છે. તેઓ સત્વરે જમા કરાવી દેશે તેવી આશા રાખું છું.

સુવર્ણ જયંતિ મહોત્સવમાં દરેક સભાસદો તેમજ તેમના કુટુંબના બધાજ સભ્યો સાથે હાજર રહે અને કાર્યક્રમને સફળ બનાવે તેવી આપશ્રીને નમ્ર વિનંતી કરું છું.

સાથ-સહકારની અપેક્ષા સાથે આભાર...

પંકજભાઈ પંડયા

પ્રમુખશ્રી

તેમજ સમસ્ત કારોબારી ટીમ

# -: સુવર્ણ જ્યંતિ મહોત્સવ કાર્યક્રમની કાર્યસુચિ :-

(૧) ધાર્મિક કાર્યક્રમ :- સત્યનારાયણની કથા, સવારે ૯.૦૦ વાગે

સમાજના જે સભ્યો સત્યનારાયણની કથામાં કપલમાં કે સીંગલ બેસવા માંગતા હોય તેઓએ તેમના નામ તા.૩૦-૯-૨૦૨૪ સુધીમાં નોંધાવવાના રહેશે. અને પૈસા ભરવાના રહેશે. વહેલા તે પહેલાના ધોરણે નકકી થશે.

બેસનાર યજમાનની સંખ્યા ૭ કે ૯ ની રહેશે.

યજમાન (કપલ) દીઠ રૂા.૨૧૦૦/- ભરવાના રહેશે.

(૨) સાંસ્કૃતિક કાર્યક્રમ :

આ કાર્યક્રમ બપોરે ૧.૦૦ વાગ્યા પછી ચાલુ થશે. જેમાં ગાયન, નૃત્ય, વેશભૂષા તેમજ મિમિક્રીનો સમાવેશ કરેલ છે.

ગાયન અને મિમિક્રીમાં કોઈપણ ઉંમરની વ્યકિત ભાગ લઈ શકશે.

નૃત્ય માટે બાળકોએ વિડિયો આપવાનો રહેશે. પછી નકકી થશે.

વેશભૂષામાં ઉંમર ૫ થી ૧૨ વર્ષના બાળકો ભાગ લઈ શકશે.

ભાગ લેવા ઈચ્છનાર પોતાના નામ તા.૩૦-૯-૨૪ સુધીમાં જણાવવાના રહેશે.

આ કાર્યક્રમમાં એક નિર્ણાયક ટીમ ઉભી કરવામાં આવશે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની બે અલગ અલગ ટીમ, ત્રણ કે ચાર નિર્ણાયકની રહેશે.

સાંસ્કૃતિક કાર્યક્રમ બે કલાકનો હોવાથી ભાગ લેનારની સંખ્યા સમય પ્રમાણે નકકી થશે.

(૩) તેજસ્વી તારલાઓને ઈનામ :

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માર્ચ સુધીમાં શૈક્ષણિક વર્ષની પાસ કરેલ વર્ગની માર્કશીટ તા.૩૦-૯-૨૪ સુધીમાં ગુગલ ફોર્મેટ સમાજ મુકશે તેના ઉપર આપવાની રહેશે.

તા.૩૦-૯-૨૪ પછીની માર્કશીટ ઈનામને પાત્ર ગણાશે નહિ.

(૪) વિશિષ્ટ ઉપલબ્ધી :-

સમાજની જે વ્યકિતઓ પોતના કાર્યક્ષેત્ર કે ધંધાકીય ક્ષેત્રમાં વિશિષ્ટ ઉપલબ્ધી મેળવી હોય તેઓએ પણ સમાજે જણાવેલ ગુગલ ફોર્મેટ ઉપર માહિતી આપવાની રહેશે.

(૫) વયવંદના :-

સમાજની જે વ્યકિતએ ૩૧-૩-૨૦૨૪ સુધીમાં ૭૫ વર્ષ પૂર્ણ કરેલ હશે તેમનું શાલ ઓઢાડી બહુમાન કરાશે. ૭૫ વર્ષ પૂર્ણ કરનારે પ્રમુખને જાણ કરવાની રહેશે.

(૬) સોવેનીયર :- સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે સંસ્થા એક "સુવર્ણ જયંતિ વિશેષાંક" પ્રગટ કરવા માંગે છે.

આ સોવેનીયરમાં જાહેરાત આપવા માંગતા સભ્યો કે પરિચિત વ્યકિતએ તા.૩૦-૯-૨૦૨૪ સુધીમાં જાહેરાતની વિગત આપવાની રહેશે. જાહેરાતના ભાવ ટૂંક સમયમાં સાઈઝ પ્રમાણે નકકી કરાશે.

સુવર્ણ જયંતિ કાર્યક્રમમાં ધંધાની જાહેરાત માટે સમાજ દ્વારા હોલમાં બેનરો લગાવવામાં આવશે. જો કોઈ સભ્યને બેનર દ્વારા જાહેરાત કરવી હોય તો તે પોતાનું નામ નોંધાવી શકે છે. બેનરમાં મુકવાની વિગત જણાવાની રહેશે અથવા પોતે બેનર બનાવીને આપવાના રહેશે.

આજ રીતે બેનર પણ મુકવામાં આવશે. જે કોઈ ધંધાકીય વ્યકિત બેનર મુકવા માંગતા હોય તેમણે પણ માહિતી કે બેનર આપવાના રહેશે.

આ કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યકિત નીચે જણાવેલ કારોબારીમાંથી કોઈપણને નામ નોંધાવી શકે છે.

| | | |
|---|---|---|
| (૧) | પંકજભાઈ અમુભાઈ પંડયા | મો. ૯૩૭૪૫૭૧૧૬૮ |
| (૨) | શૈલેષભાઈ કાંતીલાલ ઠાકોર | મો. ૯૪૨૭૫૫૩૨૬૮ |
| (૩) | વામનભાઈ મોજીલાલ ગોર | મો. ૭૩૮૩૯૧૧૧૭૨ |
| (૪) | અશોકભાઈ સુરેન્દ્રપ્રસાદ પંડયા | મો. ૯૯૭૯૯૦૦૭૭૯ |